ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ.૦૧ તા.૧૬.૧૨.૨૦૧૭

------------

**પ્રદેશ કાર્યાલય શ્રી કમલમ્ ખાતે વિધાનસભા ચૂંટણી વ્યવસ્થા બેઠક યોજાઇ**

------------

**ચૂંટણીઓને આપણે મુખ્ય ત્રણ ભાગમાં વહેચી શકીએ. પ્રથમ તબક્કો ઉમેદવારી પત્ર ભરવું અને પ્રચાર-પ્રસાર, બીજો તબક્કો મતદાન અને ત્રીજો તબક્કો મતગણતરી. ત્રણેય તબક્કાઓનું મહત્વ આખી ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન સરખું છે - શ્રી ભૂપેન્દ્રજી યાદવ**

------------

**કાર્યકર્તાઓથી માંડીને પાર્ટીના તમામ હોદ્દેદારશ્રીઓએ વિધાનસભાની ચૂંટણીના ઉમેદવારો કરતાંય વધુ પરિશ્રમ કર્યો છે તે બદલ લાખ-લાખ અભિનંદન – મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી**

------------

**નવા ગુજરાતના સર્જન થકી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીની નવા ભારતની સંકલ્પના ને પરિપૂર્ણ કરીએ – શ્રી જીતુભાઇ વાઘાણી**

------------

**ગુજરાતની જનતાના આશીર્વાદથી ફરી એકવખત ગુજરાતમાં ભાજપાની સરકાર બનવાની છે - શ્રી ભીખુભાઇ દલસાણીયા**

------------

ભાજપાના પ્રદેશ પ્રવક્તાશ્રી ડૉ. જગદીશ ભાવસારે જણાવ્યું છે કે, આજે ૧૬ ડીસેમ્બરના રોજ પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઇ વાઘાણીની અધ્યક્ષતામાં અને રાષ્ટ્રીય મહામંત્રી અને ગુજરાતના પ્રભારીશ્રી ભુપેન્દ્રજી યાદવ, મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી, નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ તેમજ પ્રદેશ સંગઠન મહામંત્રીશ્રી ભીખુભાઇ દલસાણીયાની ઉપસ્થિતિમાં વિધાનસભા ચૂંટણી વ્યવસ્થા બેઠક યોજાઇ હતી.

રાષ્ટ્રીય મહામંત્રી અને ગુજરાતના પ્રભારીશ્રી ભુપેન્દ્રજી યાદવે ચૂંટણી વ્યવસ્થા સમિતિની આજની આ બેઠકમાં જણાવ્યું હતુ કે, ચૂંટણીઓને આપણે મુખ્ય ત્રણ ભાગમાં વહેચી શકીએ. પ્રથમ તબક્કો ઉમેદવારી પત્ર ભરવું અને પ્રચાર-પ્રસાર, બીજો તબક્કો મતદાન અને ત્રીજો તબક્કો મતગણતરી. ત્રણેય તબક્કાઓનું મહત્વ આખી ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન સરખું છે. શ્રી યાદવજીએ સૌ કાર્યકર્તાઓને આ ચૂંટણી દરમ્યાન દરેક તબક્કે મહત્વની કામગીરી કરવા બદલ લાખ-લાખ અભિનંદન પાઠવ્યા હતા અને ૧૮મી તારીખે થનાર મતગણતરીમાં ચૂંટણી એજન્ટો ઉત્સાહપૂર્વક ભાગ લે અને તમામ પ્રક્રિયા શાંતિપૂર્વક પૂર્ણ થાય તેમાં મદદરૂપ બને તેવી અપીલ કરી હતી.

મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીએ જણાવ્યું હતુ કે, કોંગ્રેસ હાર ભાળી ગઇ છે, મતદાનના પ્રથમ તબક્કાના પહેલા જ કલાકમાં તેમણે ઇવીએમને ભાંડવાનું શરૂ કરી દીધુ હતું. કોંગ્રેસે હારને પચાવતા શીખવું જોઇએ. કાર્યકર્તાઓથી માંડીને પાર્ટીના તમામ હોદ્દેદારશ્રીઓએ વિધાનસભાની ચૂંટણીના ઉમેદવારો કરતાંય વધુ પરિશ્રમ કર્યો છે તે બદલ લાખ-લાખ અભિનંદન પાઠવ્યો હતો.

//૨//

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org



શ્રી રૂપાણીએ જણાવ્યું હતુ કે, ચૂંટણીના બધા જ તબક્કામાં ભાજપા આગળ હતું. ઉમેદવારોની યાદી ભાજપાએ કોંગ્રેસ કરતાં વહેલી બહાર પાડી, પ્રચાર-પ્રસારમાં પણ ભાજપ કોંગ્રેસ કરતાં અનેક ગણો આગળ હતો. પેજપ્રમુખ જેવી માઈક્રો મેનેજમેન્ટ કામગીરીના કારણે ભાજપા તરફી મતદાન કરાવવામાં પણ ભાજપા ખૂબ આગળ હતું અને ૧૮મી ડીસેમ્બરે આવનાર પરિણામોમાં પણ ભાજપા ખૂબ વધારે બેઠકો સાથે જીતશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

પ્રદેશ પ્રમુખશ્રી જીતુભાઇ વાઘાણીએ ચારેય ઝોનમાંથી પધારેલ તમામ ૧૮૨ વિધાનસભા બેઠકના ચૂંટણી એજન્ટ તેમજ લીગલ ઈન્ચાર્જશ્રીઓને આવકાર્યા હતા. તેઓશ્રીએ જણાવ્યું હતુ કે, આપસૌનો પરિશ્રમ પરિણામલક્ષી બનવા જઇ રહ્યો છે ત્યારે, આપણે સૌ વિનમ્રતા સાથે તમામ પ્રક્રિયાને પૂર્ણ કરીએ અને પરિણામો પછી વિનમ્રતા સાથે સકારાત્મક વાતાવરણમાં વિજયોત્સવ ઉજવીએ અને ગુજરાત આગળ વધે નવા ગુજરાતનું સર્જન થાય તે થકી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીની નવા ભારતની સંકલ્પના ને પરિપૂર્ણ કરીએ.

શ્રી વાઘાણીએ કોંગ્રેસ પર પ્રહાર કરતાં જણાવ્યુ હતુ કે, કોંગ્રેસના નેતાઓના ચહેરા પરથી નૂર ઉતરી ગયું છે તે સ્પષ્ટપણે દેખાઇ રહ્યું છે. રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઇ શાહની કુશળ સંગઠનશક્તિ, પ્રદેશ પ્રભારીશ્રી ભૂપેન્દ્રજી યાદવનું કુશળ માર્ગદર્શન અને મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલની પ્રજાલક્ષી નીતિઓને કારણે આજે ભાજપા આ ચૂંટણીના બધાજ તબક્કાઓમાં આગળ રહ્યું છે. ભાજપાના કાર્યકરોએ પરિશ્રમની પરાકાષ્ઠા સર્જીને આ ચૂંટણીઓમાં ગુજરાતના તમામ સમાજોની ચિંતા કરી છે અને તમામ સમાજોને સાથે રાખીને આપણે ચૂંટણી લડ્યા છીએ તે બદલ સમાજના તમામ વર્ગોનો અને કાર્યકર્તાઓનો અધ્યક્ષશ્રીએ આભાર માન્યો હતો.

પ્રદેશ સંગઠન મહામંત્રીશ્રી ભીખુભાઇ દલસાણીયાએ તેમના વક્તવ્યમાં જણાવ્યું હતુ કે, ગુજરાતની જનતાના આશીર્વાદથી ફરી એકવખત ગુજરાતમાં ભાજપાની સરકાર બનવાની છે. ત્યારે, એક જવાબદાર કાર્યકર્તા તરીકે આપણા સૌની ફરજ છે કે વિજયના ઉન્માદમાં વાતાવરણ ન ડહોળાય તેનું આપણે સૌ ધ્યાન રાખીએ. વિનમ્રતા સાથે જનતા વચ્ચે જઇ આભાર માનીએ. તેઓશ્રીએ ઉપસ્થિત ઉમેદવારો સહિત સૌને એડવાન્સમાં શુભકામનાઓ પાઠવી હતી.

આજની આ બેઠકમાં પ્રદેશ ચૂંટણી વ્યવસ્થાના ઈન્ચાર્જશ્રી પરિન્દુભાઇ ભગતે ગુજરાતભરમાંથી આવેલા વિધાનસભાના ચૂંટણી એજન્ટ તથા આચારસંહિતા ઈન્ચાર્જશ્રીઓને મતગણતરી વખતે ધ્યાનમાં રાખવાની બાબતો પર માર્ગદર્શન આપ્યું હતું. આ વખતે મતગણતરીમાં VVPAT એક નવી બાબત ઉમેરાઇ હોવાથી તેના માટે પણ વિશેષ સમજણ આપી હતી.

(ડૉ. હર્ષદ પટેલ)
પ્રદેશ કન્વીનર – મીડિયા સેલ